| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૧૭/૧૧/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખઃ | ૧૭/૧૧/૨૦૨૫ | | |
| ફેસલ તારીખઃ | ૧૭/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૦૦ |

**મહેરબાન ઓલપાડના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૩૬૦૦/૨૦૨૫**

**આંકઃ**

ફરીયાદી : સ ર કા ર શ્રી

(કીમ પો.સ્ટે.ગુ.ર.નં.એ–૧૧૨૧૪૦–૬૮૨૫–૦૬૮૬/૨૦૨૫)

**વિરૂધ્ધ**

આરોપી : (૧) જયશ્રીબેન રાકેશભાઈ પિતામ્બરભાઈ બાવીશકરની પત્ની તે રતિલાલ વિઠ્ઠલભાઈ સાવંતની દિકરી.
રહે.સમુહ વસાહત, નેશનલ એકેડમી સ્કુલની બાજુમાં, કીમ–કુડસદ રોડ, કુડસદ ગામ, તા.ઓલપાડ, જી.સુરત.

(૨) સંગીતાબેન રતિલાલ વિઠ્ઠલભાઈ સાવંત
રહે.સમુહ વસાહત, નેશનલ એકેડમી સ્કુલની બાજુમાં, કીમ–કુડસદ રોડ, કુડસદ ગામ, તા.ઓલપાડ, જી.સુરત.

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | એ.પી.પી.શ્રી કે.આર.ભુંગળ |
| આરોપી તરફે | : | વિ.વ.શ્રી જે.સી.પટેલ. |

**ગુનોઃ-** **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૩૩, ૫૪ મુજબ.**

## -:ચુ કા દોઃ-

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૨/૦૯/૨૦૨૫ કલાક ૧૭/૩૦ વાગ્યાના અરસામાં મોજે સરદારનગર સમુહવસાહત કીમ-કુડસદ ગામ, તા.ઓલપાડ, જી.સુરત ખાતે ફરીયાદીના ઘરમાં તથા ઘરની સામે તા.ઓલપાડ, જી.સુરત ખાતે સદર કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી ફરીયાદીના કબજાવાળા ઘરમાં ફરીયાદીને માર મારવા સારૂ ગેરકાયદેસર રીતે ઘરમાં પ્રવેશ કરી ફરીયાદીને ઢીકક મુકીનો માર મારી ફરીયાદી તથા ફરીયાદીના પતિને ઘરમાં તથા જાહેરમા નાલાયક ગાળાગાળી કરી સદર કામના આરોપી નં. (૧) નાએ કહેલ કે, "તુને પુલીસ ફરીયાદ કીયા તો જબ તેરા પતિ નોકરી પે જાયેગા તબ તુજ કો ઓર તેરી બચ્ચી કો જાન સે મારવા દુગી" તેવી ધમકી આપી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧ (૩), ૩૩૩, ૫૪ અન્વયેનું ગુનાહિત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ કીમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેની તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવેલી, જેથી તપાસ કરનાર અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આ કામે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપીઓ સમન્સ આધારે અદાલતમાં હાજર થતાં સૌપ્રથમ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવાની ખાત્રી કર્યા બાદ આંક-૯ થી ઉપરોકત ગુન્હાઓનુ તહોમતનામુ કોર્ટ દ્વારા ફરમાવવામા આવેલ અને ત્યારબાદ સદરહુ તહોમતનામુ આરોપીઓને વાંચી, સંભળાવી,

આરોપીઓની સદરહુ તહોમતનામા અંગે આંક–૧૦ અને આંક–૧૧ થી પ્લી નોંધતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પુરાવાઓ નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવોઃ–**

| અ.નં. | આંક | ફરીયાદી/સાહેદોની વિગત |
|---|---|---|
| (૧) | ૧૨ | ફરીયાદી ભાગમનીબેન મુન્નાભાઈ સહાનીની જુબાની. |
| (૨) | ૧૪ | સાહેદ મુન્નાભાઈ પરમાત્માભાઈ સહાનીની જુબાની. |
| (૩) | ૧૫ | ત.ક.અ. નિલેશભાઈ રામુભાઈ પટેલની જુબાની. |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૩ | એફ.આઈ.આર. |
| (૨) | ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| (૩) | ૧૭ | કલોઝીંગ પુરસીસ. |

**(૪)** આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે તેઓનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે જેમા આરોપીએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હમો આરોપી નિર્દોષ છીએ હમો ઉપર ખોટો કેસ કરેલ છે.

**(૫)** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ તેઓની મૌખિક દલીલમા એવી રજુઆત કરેલ છે કે, આ કામમા તપાસાયેલા ફરીયાદી તથા સાહેદની જુબાનીથી ફરીયાદ હકીકતો પુરવાર થાય છે જે ધ્યાને લઈ યોગ્ય તે હુકમ કરવા વિનંતી કરેલ છે.

**(૫.૧)** આરોપીના વિ.વ.શ્રીનાઓએ તેઓની મૌખિક દલીલોમા એવી રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષ આરોપી સામેના ગુનાના આક્ષેપો નિઃશંકપણે ઠોસ પુરાવાથી પ્રોસીકયુશન સાબીત કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવા રજુઆત કરવામા આવેલ છે.

**(૬)** રજુ કરેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ: શંકપણે પુરવાર કરે છે કે, તા.૦૨/૦૯/૨૦૨૫ કલાક ૧૭/૩૦ વાગ્યાના અરસામાં મોજે સરદારનગર સમુહવસાહત કીમ-કુડસદ ગામ, તા.ઓલપાડ, જી.સુરત ખાતે ફરીયાદીના ઘરમાં તથા ઘરની સામે તા.ઓલપાડ, જી.સુરત ખાતે સદર કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી ફરીયાદીના કબજાવાળા ઘરમાં ફરીયાદીને માર મારવા સારૂ ગેરકાયદેસર રીતે ઘરમાં પ્રવેશ કરી ફરીયાદીને ઢીકક મુકીનો માર મારી ફરીયાદી તથા ફરીયાદીના પતિને ઘરમાં તથા જાહેરમા નાલાયક ગાળાગાળી કરી સદર કામના આરોપી નં. (૧) નાએ કહેલ કે, "તુને પુલીસ ફરીયાદ કીયા તો જબ તેરા પતિ નોકરી પે જાયેગા તબ તુજ કો ઓર તેરી બચ્ચી કો જાન સે મારવા દુગી" તેવી ધમકી આપી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧ (૩), ૩૩૩, ૫૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**// <u>કારણો</u> //**

<u>મુદ્દા નં.૧ અને ૨ઃ–</u>

(૮) ફરીયાદ પક્ષે આંક–૧૨ થી ફરીયાદી ભાગમનીબેન મુન્નાભાઈ સહાનીને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હાલ સમુહ વસાહત કીમ–કુડસદ ખાતે તેઓના પતિ સાથે રહે છે અને તેઓના પતિ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરી તેઓના પરીવારનું ગુજરાન કરે છે. તેઓને બે સંતાનો છે. કહેવાતો બનાવ સને–૨૦૨૫ મા બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હાજર હતી ત્યારે તેઓ જે ઘરમાં ભાડે રહેતા હતા તે માલીક કમલેશભાઈ શ્રીવાસ્તવ ભાડુ લેવા માટે આવેલા હતા અને તે ભાડુ લઈને તેઓની રૂમની બહાર પડેલ શાકભાજી ભરવા માટેના પ્લાસ્ટિકના કેરેટ હટાવવા માટે તેઓની બાજુમાં રહેતા જયશ્રીબેનને કહેવા જતા તે બંનેની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને સામાન્ય બોલાચાલીનો અવાજ આવતા તેઓ તથા તેઓના પતિ રૂમમાંથી બહાર આવતા આ કામના આરોપી જયશ્રીબેન તથા તેમની માતા તેમના રૂમના દરવાજે આવી તેઓ અને તેઓના પતિ સાથે સામાન્ય બોલાચોલી કરેલી. આ સિવાય બીજુ કંઈ બનેલ નથી. બનાવમાં ઘકકા મુકકી થવાથી નીચે પડી જવાથી તેઓને તથા તેઓના પતિને ઈજાઓ થયેલી. જેથી તેઓએ નવી સીવીલ હોસ્પીટલ સુરત ખાતે સારવાર લીધેલી. બનાવ અંગે આવેશમાં આવી ફરીયાદ આપેલી જે આંક–૧૩ થી રજુ કરેલ છે. આ કામના આરોપી તેઓના પડોશી હોય બનાવ પહેલાથી તેઓ ઓળખતા હોવાનુ જણાવેલ છે.

સદર ફરીયાદી ફરીયાદમાં આરોપી સામે કરેલ આક્ષેપીત હકીકતને સમર્થન આપતા ન હોય સદર સાહેદ ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ ફરીયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલા. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા ભેગા થઈ જતા ધક્કા મુક્કી થતા નીચે પડી જવાથી ઈજાઓ થયેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ કોઈ ગાળો

આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓ તેઓના પડોશમા રહેતા હોય બનાવ પહેલાથી તેમને ઓળખે છે.

(૮.૧) ફરીયાદ પક્ષે આંક–૧૪ થી સાહેદ મુન્નાભાઈ પરમાત્માબાઈ સહાનીને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હાલ સમુહ વસાહત કીમ–કુડસદ ખાતે તેઓના પરીવાર સાથે રહે છે અને તેઓ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરી તેઓના પરીવારનું ગુજરાન કરે છે. તેઓને બે સંતાનો છે. કહેવાતો બનાવ સને–૨૦૨૫ મા બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તેઓ જે ઘરમાં ભાડે રહેતા હતા તે મકાન માલીક કમલેશભાઈ શ્રીવાસ્તવ ભાડુ લેવા માટે આવેલા હતા અને તે ભાડુ લઈને તેઓની રૂમની બહાર પડેલ શાકભાજી ભરવા માટેના પ્લાસ્ટિકના કેરેટ હટાવવા માટે તેઓની બાજુમાં રહેતા જયશ્રીબેનને કહેવા જતા તે બંનેની વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને સામાન્ય બોલાચાલીનો અવાજ આવતા તેઓ તથા તેઓની પત્ની રૂમમાંથી બહાર આવતા આ કામના આરોપી જયશ્રીબેન તથા તેમની માતા તેમના રૂમના દરવાજે આવી તેઓ અને તેઓની પત્ની સાથે સામાન્ય બોલાચોલી કરેલી. આ સિવાય બીજુ કંઈ બનેલ નથી. બનાવમાં ધકકા મુકકી થવાથી નીચે પડી જવાથી તેઓને તથા તેઓના પત્નીને ઈજાઓ થયેલી. જેથી તેઓએ નવી સીવીલ હોસ્પીટલ સુરત ખાતે સારવાર લીધેલી. બનાવ અંગે આવેશમાં આવી તેઓની પત્નીએ ફરીયાદ આપેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલી. આ કામના આરોપીઓ તેઓના પડોશી હોય બનાવ પહેલાથી તેઓ ઓળખે છે.

સદર સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન આપતા ન હોય સદર સાહેદ ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલા. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા બધા ભેગા થઈ જતા ધક્કા મુક્કી થતા નીચે પડી જવાથી તેઓને તથા તેઓની પત્નીને ઈજાઓ થયેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ કોઈ ગાળો આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓ તેઓના પડોશમા રહેતા હોય બનાવ પહેલાથી તેમને ઓળખે છે.

**(૮.૨)** ફરીયાદ પક્ષે આંક–૧૫ થી તપાસ કરનાર અમલદાર નિલેશભાઈ રામુભાઈ પટેલને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ વખતે તેઓ કીમ પો.સ્ટે.મા એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ કામના ફરીયાદી ભાગમનીબેનનાએ હાલના આરોપી વિરૂધ્ધ કીમ પો.સ્ટે. ફસ્ટ ગુના રજી. નં. ૦૬૮૬/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫ (૨), ૩૫૧ (૨), ૩૫૨, ૩૩૩ તથા ૫૪ મુજબની ફરીયાદ આપતા સદર ફરીયાદ પી.એસ.ઓ. એ દાખલ લઈ વધુ તપાસ અર્થે તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. તેઓને આંક–૧૩ વાળી અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે જે તપાસના કામે મળેલ છે તે જ છે. તેઓને ગુનાવાળી જગ્યાનું તેમજ મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું બતાવવામા આવે છે જે પંચો રૂબરૂ તેઓ દ્વારા કરવામાં આવેલ છે તે જ છે. જેમા આ કામનાં પંચોની તથા તેઓની સહી રહેલી છે જે તેઓ ઓળખે છે જે આંક–૧૬ થી રજુ છે. સદર કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીઓને બી.એન.એસ.ની કલમ–૩૫ (૧) (૩) મુજબ નોટીસ આપી ગુના અંગેની સમજ કરી મુકત કરેલ. તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલાનુ જણાવે છે તેમજ આરોપીઓને જોયેથી ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત અસ્વીકારેલ છે કે, તૈયાર પંચનામાં પાછળથી પંચોની સહીઓ કરાવેલી. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, સાહેદોના નિવેદન ફરીયાદની હકીકતને અનુરૂપ જાતે લખી લીધેલા. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવવાળા જગ્યાએ રહેણાંકના મકાનો આવેલા છે. તેઓએ એ હકીકતનો અસ્વીકાર કરેલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલી.

ફરીયાદી પક્ષે ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>-: તારણ :-</u>**

(૯) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા વંચાણે લીધા. તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતનોને નિઃશંકપણે પુરવાર કરવી પડે. જેથી ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે, આરોપીએ જે ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષને પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસેલા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીદાલપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનુ પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતુ છે, પરંતુ જો ફરીયાદી પક્ષના કેસની હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર છે.

(૧૦) આરોપી સામેના ગુનાની જોગવાઈ ધ્યાને લેતાં આ તબક્કે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧ (૩), ૩૩૩, ૫૪ ધ્યાને લેવી આવશ્યક જણાય આવે છે જે નીચે મુજબ છે.

– **કલમઃ૧૧૫–સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબતઃ**

**(૨)** જે કોઈ વ્યક્તિ, કલમ–૧૨૨ ની પેટા–કલમ (૧) માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દસ હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

– **કલમઃ૩૫૨–સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબતઃ**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવા સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું કોઈપણ રીતે અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

– **કલમઃ૩૫૧–ગુનાહિત ધમકીઃ**

**(૩)** જે કોઈ વ્યકિત, ગુનાહિત ધમકી આપે અને તેવા ધમકી, મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતને નાશ કરવાની અથવા મોતની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મૂકવાની હોય, તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

– **કલમઃ૩૩૩–વ્યથા, હુમલો અથવા ગેરકાયદે અવરોધ કરવાની તૈયારી કર્યા પછી ગૃહ અપ–પ્રવેશઃ**

જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને વ્યથા કરવા અથવા તેના ઉપર હુમલો કરવા અથવા તેને ગેરકાયદે અવરોધ કરવાની અથવા તેને વ્યાથાનો, હુમલાનો કે ગેરકાયદે અવરોધનો ભય ઉભો કરવાની તૈયારી કરીને ગૃહ અપ–પ્રવેશ કરે તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે.

**– કલમઃ૫૪–ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીઃ**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે કરેલા જે કૃત્ય માટે દુષ્પ્રરક તરીકે કોઈ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય, પોતાની હાજરીમા થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે અમે ગણાશે.

**(૧૧)** ઉપરોકત ફરીયાદપક્ષે રજુ થયેલ મોખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ વંચાણે લેતાં, આ કામે આંક–૧૨ થી તપાસવામાં આવેલ ફરીયાદી ભાગમનીબેન મુન્નાભાઈ સહાનીનો પુરાવો તથા આંક–૧૪ થી તપાસવામા આવેલ સાહેદ મુન્નાભાઈ પરમાત્માભાઈ સહાનીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદે આરોપીઓ સામે કરેલ આક્ષેપીત ગુનાની મહત્વની હકીકતને સમર્થન કરતા ન હોય સદરહુ બંને સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને વધુમાં તેઓએ તેમના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલા, બનાવવાળી જગ્યાએ ઘણા બધા ભેગા થઈ જતા ધક્કા મુક્કી થતા નીચે પડી જવાથી તેઓને તથા તેઓની પત્નીને ઈજાઓ થયેલી, આરોપીઓએ કોઈ ગાળો આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી, બનાવના દિવસે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કંઈ બનેલ નહી, આ કામના આરોપીઓ તેઓના પડોશમા રહેતા હોય બનાવ પહેલાથી તેમને ઓળખે છે તેમ જાહેર કરેલ છે.

**(૧૧.૧)** ફરીયાદ પક્ષે આંક–૧૫ થી તપાસેલ તપાસ કરનાર અમલદાર નિલેશભાઈ રામુભાઈ પટેલનો પુરાવો ધ્યાને લેતા ફરજના ભાગ રૂપે જુબાની આપેલ હોવાનુ ફલીત થાય છે. તેમજ તપાસ અધિકારીની જુબાની તથા આંક–૧૬ થી રજુ કરેલ પંચનામાની હકીકતને ગ્રાહય રાખી આ સાથે ફરીયાદી તથા સાહેદનો મૌખિક પુરાવો ધ્યાને લેતા તપાસ અધિકારીની જુબાની પરથી આરોપીને તકસીરવાન ઠરાવવાનુ ન્યાયોચીત જણાય આવતુ નથી.

**(૧૨)** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં હાથ પરના કેસમાં ફરીયાદ પક્ષે રજુ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદી તથા સાહેદોની જુબાની ધ્યાને લેતાં સૌપ્રથમ ફરીયાદી તથા સાહેદ ફરીયાદ કેસના હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર થયેલ છે. વધુમાં આરોપી સામે બનાવ અન્વયે જે

આક્ષેપ  કરેલ છે તે અન્વયે ફરીયાદી સોગંદ પર જાહરે કરેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને ધક્કા મુકી થતા પડી જવાથી તેઓને ઈજા થયેલી અને ફરીયાદ કરેલ હોવાનુ જાહેર કરેલ છે. વધુમાં ફરીયાદીએ તેઓને ઈજા થયેલ હોય નવી સીવીલ હોસ્પીટલ સુરત ખાતે સારવાર કરાવેલ હોવાનુ જાહેર કરેલ છે પરંતુ ફરીયાદ પક્ષ દ્બારા ઈજા અંગેનું કોઈ સારવાર સર્ટીફીકેટ આ કામે રજુ કરેલ નથી. જેથી સદર કેસમાં રજુ પુરાવા ધ્યાને તથા વંચાણે લેતા ફરીયાદ પક્ષ દ્બારા આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનાના મહત્વના તત્વો ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં જયુરીશપુડન્સના કાયદાના સિધ્ધાંત અનુસાર ફરીયાદ પસે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને આરોપીએ માત્ર બચાવ કરવાનો છે તેમજ આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી,શંકાથી પર સાબિત કરવુ જોઈએ જે હાથ પરના કેસમાં સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીને તેઓની સામેના આક્ષેપીત ગુના અન્વયે વ્યાજબી શંકાનો લાભ મળવો ન્યાયોચીત જણાતુ હોય મુદ્દા નં.૧ પરત્વેનો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– : આખરી હુકમ : –</u>**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧ (૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧ (૩), ૩૩૩, ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી આ કામના આરોપીઓને વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રત્યેક આરોપીના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૪/૨૦૨૬.
સ્થળ ઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.સીની.સીવીલ જજ અને
અડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ-01290